# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે પી.એમ. કિસાન સમ્માન નિધિ યોજનાના ઉદઘાટન કાર્યક્રમનું જીવંત પ્રસારણ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે તા. ૨૪.૦૨.૨૦૧૯ ને રવિવારના રોજ પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના ઉદઘાટન કાર્યક્રમનું પ્રસારણ નિહાળવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં ૨૦૦ જેટલા પ્રગતિશિલ ખેડૂતભાઇઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના માઇક્રોબાયોલોજી વિભાગના વડા ડો.આર.વી. વ્યાસ, તાલુકા અમલીકરણ અધિકારી શ્રી મોહસીન સૈયદ, સોજીત્રા તાલુકાના વિસ્તરણ અધિકારી શ્રી સરફરાજ વ્હોરા, ખાનપુર ગામનાં સરપંચશ્રી હિણાક્ષીબેન, દેવાતજ ગામનાં સરપંચ શ્રી લાભેશભાઇ, સોજીત્રા તાલુકાના મામલતદારશ્રી શ્રી ડી.કે. ગામીત, તાલુકા વિકાસ અધિકારી શ્રી બી.કે.સિસોદિયા તેમજ પ્રગતિશીલ ખેડુતો શ્રી હર્ષદભાઇ પટેલ, પીપળાવ, પલોલ ગામના અમીતભાઇ પટેલ, શ્રી કિશોરભાઇ, તાલુકા કિસાન મોરચા તથા જીલ્લા મહામંત્રી આણંદ શ્રી છત્રસિંહ જાદવ અને સોજીત્રા શહેર મહામંત્રી, શ્રી યતીનભાઇ વકીલ, આત્મા પ્રોજેક્ટના બી.ટી.એમ. ચન્દ્રકાંતભાઇ મકવાણા ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારેલ. સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆતમાં દરેકે આતંકવાદી હુમલામાં શહીદ થયેલ આપણા જવાનોને બે મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલી આપી. **કૃષિ વિજ્ઞાન કેન્દ્ર**ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી. જી. પટેલ દ્વારા સર્વેનું સ્વાગત કરવામાં આવ્યુ અને પ્રસંગોચિત ઉદબોધન કર્યુ. તાલુકા વિકાસ અધિકારી શ્રી બી.કે. સિસોદિયાએ પ્રધાનમંત્રી કિસાન યોજના અંતર્ગત ખેડુતોને યોજનાકીય માહિતી વિશે જાણકારી આપી. ખાનપુર ગામનાં સરપંચશ્રી હિણાક્ષીબેનએ ખેડુતોને તેમણે મળતા લાભ અને તેમની કામગીરીની મહત્વતા વિશે માહિતી આપી. પ્રગતિશીલ ખેડુત શ્રી હર્ષદભાઇ પટેલ, પીપળાવએ સર્વેને સજીવ ખેતી વિશે માહિતી આપી.

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાને સફળ બનાવવા માટે કે.વિ.કે.ની ટીમના વિવિધ કમીટીનાં સભ્યોએ પ્રસંશનીય કામગીરી બજાવી હતી. પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના કાર્યક્રમના અંતે ડો. એસ.બી.કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે, ખેતીવાડી ખાતું, આત્મા પ્રોજેકટ, આણંદના સહયોગ માટે સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા કરવામાં આવેલ.

## કાર્યક્રમની ઝાંખીઓ








